www.prepp.in

Prepp
Your Personal Exams Guide

*This Question Paper contains 16 printed pages.*

| પ્રશ્નપુસ્તિકાનો કોડ<br>Question Paper Booklet Code |
|---|
| **01** |

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

***Time : 60 Minutes]*** ***[Maximum Marks : 100***

ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :

1) દરેક પ્રશ્નોના સરખા માર્કસ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) સૌ પ્રથમ પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડ્યા વગર, તેમાં સામેલ (Inserted) ઉત્તરવહી (OMR Sheet) કાળજીપૂર્વક બહાર કાઢવાની રહેશે. આ ઉત્તરવહી (OMR Sheet) માં કરચલી પડે નહી કે વળે નહી તેની ખાસ કાળજી લેવી અને કલાક 12:00 વાગે પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડવાનું રહેશે.

3) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકાનો કોડ અને ક્રમાંક તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે અને જો દર્શાવવામાં નહી આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વંચાણે લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.

4) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવાર પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને પૂછવાનો રહેશે. તેમજ પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલીક વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.

6) ઉત્તરવહી ભરવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેન વાપરવાની રહેશે.

7) દરેક સાચા ઉત્તર(જવાબ) નો 01(એક) માર્કસ છે. ઉત્તરવહીમાં જો કોઈપણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઈ માર્કસ મળશે નહી અને કપાશે પણ નહી. જ્યારે દરેક ખોટા ઉત્તર દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

8) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણવામાં આવશે. આ ઉપરાંત વર્તુળમાં કોઈપણ પ્રકારની છેકછાક કરેલ જવાબોને પણ ખોટા જવાબો ગણવામાં આવશે. આવા ખોટા જવાબો દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવું. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

9) ઉત્તરવહીના કોઈ વર્તુળ (A,B,C,D જવાબ) માં ભુલથી પણ ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લઈ શકે છે. જેથી તમામે ઉત્તરવહી (OMR Sheet) માં સાવધાનીથી પેનનો ઉપયોગ કરવા ગંભીર નોંધ લેવી.

10) પરીક્ષા દરમ્યાન વર્ગખંડ નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે તેમાં ઉમેદવારે પોતાની ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભરી હાજરી પત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.

11) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં કરી શકાશે.

12) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં છે. પરીક્ષા પૂર્ણ થયા પછી ઉત્તરવહી (OMR Sheet) માંની ત્રીજી ઉમેદવાર કોપી (Candidate's Copy) વર્ગખંડ નિરીક્ષક (Invigilator) અલગ કરી ઉમેદવારને આપશે. જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે જાતે આ ત્રીજી કોપી અલગ પાડવી નહી. જેની ખાસ નોંધ લેવી.

Prepp
Your Personal Exams Guide

**1)** જો AHMEDABAD = BINFEBCBE તો BARODA = ?

Answer - A

(A) CBSPEB (B) CBQNEB
(C) DBRTFB (D) CDTPFD

**2)** A, B, C અને D એક ગોળ ટેબલની ફરતે બેઠા છે.

Answer - B

1) A રસોઈયાની સામે બેઠો છે.
2) B નાઈની જમણે બેઠો છે.
3) દરજીની ડાબે ધોબી બેઠો છે.
4) C ની સામે D બેઠો છે.
A અને B નો વ્યવસાય શું છે ?
(A) દરજી અને નાઈ
(B) દરજી અને રસોઈયો
(C) નાઈ અને રસોઈયો
(D) ધોબી અને રસોઈયો

**3)** ત્રણ બાળકોની સરેરાશ ઉંમર 15 વર્ષ છે. જો તેમની ઉંમરનો ગુણોત્તર 3:5:7 હોય તો, સૌથી નાના બાળકની ઉંમર હશે :

Answer - D

(A) 21 વર્ષ (B) 18 વર્ષ
(C) 15 વર્ષ (D) 9 વર્ષ

**4)** કોઈ વ્યક્તિ તરફ આંગળી ચીંધીને રામ કહે છે, "તેનો પુત્ર રમેશ મારી માતાનો પૌત્ર છે" તો તે વ્યક્તિ કોણ છે ?

Answer - D

(A) રામના પિતા (B) રામના કાકા
(C) રામનો સાળો (D) રામનો ભાઈ

**5)** 10% નફે કોઈ પુસ્તકને રૂા. 220 માં વેચતા, તેની ખરીદ કિંમત કેટલી હશે ?

Answer - B

(A) 220 (B) 200
(C) 210 (D) 240

**6)** ટેંકનો 3/4 ભાગ પાણીથી ભરેલો છે. તેમાં 5 લિટર ઉમેરતા, ટેંક 4/5 ભરાઈ જાય છે. ટેંકની ક્ષમતા કેટલી છે ?

Answer - B

(A) 120 લિટર (B) 100 લિટર
(C) 80 લિટર (D) 75 લિટર

7) અમિત પૂર્વ તરફ 30 મીટર ચાલી, જમણે વળીને 40 મીટર ચાલે છે. પછી ડાબે વળીને 30 મીટર ચાલે છે. આરંભિક બિંદુથી હવે તેનું મોઢું કઈ દિશામાં હશે ? **Answer - C**

(A) દક્ષિણ (B) દક્ષિણ પશ્ચિમ

(C) દક્ષિણ પૂર્વ (D) ઉત્તર પૂર્વ

8) જ્યારે જહાંગીરની ઉંમર 18 વર્ષ થશે ત્યારે અકબરની ઉંમર 50 વર્ષ થશે. જ્યારે અકબરની ઉંમર જહાંગીરની ઉંમર કરતાં 5 ઘણી હશે ત્યારે અકબરની ઉંમર કેટલી હશે ? **Answer - B**

(A) 36 (B) 40

(C) 44 (D) 48

9) A અને B પંજાબી, સિંધી અને ગુજરાતી જાણે છે. B અને C પંજાબી, ગુજરાતી અને બંગાલી જાણે છે. A અને E તમિલ, સિંધી અને ગુજરાતી જાણે છે. પંજાબી, તમિલ, સિંધી અને ગુજરાતી કોણ જાણે છે ? **Answer - C**

(A) E (B) D

(C) A (D) C

10) શિલા 2 મિનીટમાં 90 મીટર ચાલે છે. 225 મીટર ચાલવા માટે તેને કેટલી મિનીટ લાગશે ? **Answer - C**

(A) 3.5 (B) 4.5

(C) 5 (D) 7

11) 11 ખુરશીઓની ખરીદ કિંમત ત્રણ ટેબલની ખરીદ કિંમત જેટલી છે. એક ખુરશી અને એક ટેબલની ખરીદ કિંમત રૂા. 140 છે. એક ખુરશીની ખરીદ કિંમત કેટલી થશે ? **Answer - A**

(A) રૂા. 30 (B) રૂા. 60

(C) રૂા. 66 (D) રૂા. 90

12) લક્ષ્યદ્વીપ કઈ હાઈ કોર્ટના કાર્યક્ષેત્રમાં આવે છે ? **Answer - B**

(A) મુંબઈ (B) કેરળ

(C) મદ્રાસ (D) દિલ્હી

**13)** અનુસૂચિત જનજાતિ (ST) નો દરજ્જો: **Answer - B**

(A) હિન્દુઓ પૂરતો સીમિત છે.

(B) ને ધર્મ સાથે કોઈ સંબંધ નથી.

(C) હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પૂરતો સીમિત છે.

(D) હિન્દુઓ અને મુસ્લિમો પૂરતો સીમિત છે.

**14)** કમ્પ્યૂટરમાં USB નું પૂર્ણ રૂપ શું છે ? **Answer - B**

(A) Universal Security Block

(B) Universal Serial Bus

(C) Universal Software Barrier

(D) Universal Stage Base

**15)** " મોહિની અટ્ટમ" કયા રાજ્યનું નૃત્ય છે ? **Answer - A**

(A) કેરળ (B) તમિલનાડુ

(C) કર્ણાટક (D) ઓદિશા

**16)** રિયો ઓલમ્પિક 2016 માં ભારતે કેટલા પદક જીત્યા ? **Answer - B**

(A) 2 રજત (B) 1 રજત અને 1 કાંસ્ય

(C) 2 કાંસ્ય (D) 1 સુવર્ણ અને 1 કાંસ્ય

**17)** સુનિલ ગાવસ્કર તેની પ્રથમ ટેસ્ટ મેચ કયા રાષ્ટ્રની સામે રમ્યો હતો ? **Answer - D**

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા

(C) પાકિસ્તાન (D) વેસ્ટ ઈન્ડિઝ

**18)** ગુજરાતનાં બીજા મુખ્ય મંત્રી કોણ હતા ? **Answer - C**

(A) જીવરાજ મહેતા (B) હિતેન્દ્ર દેસાઈ

(C) બલવંત રાય મહેતા (D) ઘનશ્યામ ઓઝા

**19)** CNG માં મોટા ભાગે નીચેનામાંથી કયો વાયુ હોય છે ? **Answer - C**

(A) નાઈટ્રોજન (B) ઓક્સિજન

(C) મિથેન (D) હિલીયમ

Prepp
Your Personal Exams Guide

**20)** 2008 માં કઈ બૅંક સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયામાં વિલીન થઈ હતી ? **Answer - A**

(A) સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્ર
(B) સ્ટેટ બૅંક ઑફ બિકાનેર
(C) સ્ટેટ બૅંક ઑફ ઈન્દોર
(D) કેનેરા બૅંક

**21)** કયા વેદમાં રોગના ઉપચારનો ઉલ્લેખ છે ? **Answer - D**

(A) ઋગ વેદ
(B) યજુ વેદ
(C) સામ વેદ
(D) અથર્વ વેદ

**22)** લાલ કિલ્લાનું નિર્માણ કોણે કર્યું ? **Answer - C**

(A) અકબર
(B) હુમાયુ
(C) શાહજહાન
(D) ઔરંગઝેબ

**23)** ઈસ્ટ ઈન્ડિયા કંપનીને સુરતમાં ફેક્ટરી સ્થાપવાની પરવાનગી કોણે આપી હતી ? **Answer - B**

(A) અકબર
(B) જહાંગીર
(C) શાહજહાન
(D) ઔરંગઝેબ

**24)** 1905 માં બંગાલના વિભાજન દરમ્યાન ભારતના ગવર્નર જનરલ કોણ હતા ? **Answer - A**

(A) લોર્ડ કર્ઝન
(B) લોર્ડ મિન્ટો
(C) લોર્ડ વેવેલ
(D) લોર્ડ ડેલહાઉસી

**25)** ઓગષ્ટ 1947 માં ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી કોણ હતા ? **Answer - A**

(A) ઍટલી
(B) રૂઝવેલ્ટ
(C) ચર્ચિલ
(D) માઉન્ટ બેટન

**26)** હરપ્પન સંસ્કૃતિનું સૌથી મહત્ત્વનું બંદર કયું હતું ? **Answer - D**

(A) કાલીબંગન
(B) મોહન-જો-દરો
(C) હરપ્પા
(D) લોથલ

**27)** ગીત ગોવિંદના લેખક કોણ હતા ? **Answer - D**

(A) કબિર
(B) કાલિદાસ
(C) રવિદાસ
(D) જયદેવ

28) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં સર્વપ્રથમ પ્રમુખ કોણ હતા ? **Answer - A**

(A) ડબલ્યૂ. સી. બેનર્જી (B) એ. ઓ. હ્યુમ
(C) એન્ની બિસેન્ટ (D) વિઠ્ઠલભાઈ પટેલ

29) ક્ષેત્રફળની દષ્ટિએ બીજા ક્રમે સૌથી મોટો ખંડ કયો છે ? **Answer - A**

(A) આફ્રિકા (B) યુરોપ
(C) ઉત્તર અમેરીકા (D) દક્ષિણ અમેરીકા

30) નાગાર્જુન સાગર પ્રોજેક્ટનું નિર્માણ કઈ નદી પર થયું છે ? **Answer - C**

(A) કાવેરી (B) બ્રહ્મપુત્ર
(C) કૃષ્ણા (D) ગંગા

31) ગુજરાતના સમુદ્ર તટની અંદાજિત લંબાઈ કેટલી છે ? **Answer - B**

(A) 1200 કિમી (B) 1600 કિમી
(C) 2000 કિમી (D) 800 કિમી

32) ભારતના દક્ષિણતમ બિંદુને શું નામ આપવામાં આવ્યું છે ? **Answer - C**

(A) કન્યાકુમારી (B) લક્ષ્ય પોઈન્ટ
(C) ઈન્દિરા પોઈન્ટ (D) પૉક પોઈન્ટ

33) નીચેનામાંથી કયા દેશોમાંથી હિમાલય પસાર થાય છે ? **Answer - A**

(A) ભૂતાન, ભારત, નેપાળ, ચીન, પાકિસ્તાન
(B) ભૂતાન, ભારત, અફઘાનિસ્તાન, ચીન, પાકિસ્તાન
(C) ભૂતાન, ભારત, નેપાળ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન
(D) ભૂતાન, ભારત, ઓસ્ટ્રેલિયા, નેપાળ, પાકિસ્તાન

34) કયા રાજ્યની સીમા પર અધિકતમ રાજ્યો આવે છે ? **Answer - D**

(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન
(C) દિલ્હી (D) ઉત્તરપ્રદેશ

35) ભારત ......... ની વચ્ચે આવે છે. **Answer - A**

(A) 8°4' N અને 37°6' N અક્ષાંશ
(B) 23°3' N અને 62°1' N અક્ષાંશ
(C) 1°N અને 29°4' N અક્ષાંશ
(D) 17° 5' N અને 53° 2N' અક્ષાંશ

36) 2011 વસ્તી ગણતરી મુજબ ભારતની વસ્તી ગીચતા કેટલી હતી ? **Answer - D**
(A) 582 વ્યક્તિ પ્રતિ ચોરસ કિમી
(B) 482 વ્યક્તિ પ્રતિ ચોરસ કિમી
(C) 682 વ્યક્તિ પ્રતિ ચોરસ કિમી
(D) 382 વ્યક્તિ પ્રતિ ચોરસ કિમી

37) નર્મદા નદીનું ઉગમ સ્થાન ક્યાં છે ? **Answer - B**
(A) સાતપૂડા (B) અમરકંટક
(C) બ્રહ્મગિરી (D) પશ્ચિમ ઘાટ

38) ........ થી કર્કવૃત્ત પસાર થતો નથી. **Answer - C**
(A) રાજસ્થાન (B) છત્તીસગઢ
(C) ઓઢિશા (D) ત્રિપુરા

39) નીચેનામાંથી કઈ માટી કપાસની ખેતી માટે શ્રેષ્ઠ છે ? **Answer - C**
(A) કાંપમય માટી (B) લેટરાઈટ માટી
(C) કાળી માટી (D) લાલ માટી

40) ખાવાના મીઠાનું રાસાયણિક નામ શું છે ? **Answer - D**
(A) પોટેશિયમ ક્લોરાઈડ (B) સલ્ફર ડાઈઓક્સાઈડ
(C) કેલ્શિયમ સલ્ફેટ (D) સોડિયમ ક્લોરાઈડ

41) સૂર્યનો પ્રકાશ ............. નું સ્રોત છે. **Answer - C**
(A) વિટામીન A (B) વિટામીન C
(C) વિટામીન D (D) વિટામીન E

42) માનવ જઠરમાં કુદરતી રીતે કયો એસિડ ઉપલબ્ધ હોય છે ? **Answer - A**
(A) હાઈડ્રોક્લોરીક એસિડ (B) લેક્ટિક એસિડ
(C) સલ્ફ્યુરીક એસિડ (D) ફોર્મીક એસિડ

43) લોહી ગંઠાઈ જવાની પ્રક્રિયામાં કયું વિટામીન મદદરૂપ છે ? **Answer - D**
(A) વિટામીન A (B) વિટામીન D
(C) વિટામીન E (D) વિટામીન K

Prepp
Your Personal Exams Guide

**44)** તાજા જન્મેલા બાળકના મગજનું વજન અંદાજે કેટલું હોય છે ? **Answer - B**

(A) 100 ગ્રામ (B) 350 ગ્રામ
(C) 800 ગ્રામ (D) 1400 ગ્રામ

**45)** નીચેનામાંથી કયું પ્રાણી કુદરતી રીતે સૌથી લાંબું જીવે છે ? **Answer - A**

(A) આર્કટિક વ્હેલ (B) આફ્રિકન જિરાફ
(C) ભારતીય હાથી (D) કાળો ગેંડો

**46)** પ્લાસ્ટર ઑફ પેરિસનું રાસાયણિક નામ શું છે ? **Answer - C**

(A) પોટેશિયમ નાઈટ્રેટ (B) પોટેશિયમ ક્લોરાઈડ
(C) હેમીહાઈડ્રેટ કેલ્શિયમ સલ્ફેટ (D) કેલ્શિયમ નાઈટ્રેટ

**47)** રેફ્રીજરેટરમાં કુલન્ટ રૂપે ............ ગેસનો ઉપયોગ થાય છે. **Answer - A**

(A) એમોનિયા (B) કાર્બન ડાયોક્સાઈડ
(C) હિલિયમ (D) નાઈટ્રોજન

**48)** જૈવિક વસ્તુઓની આયુ નિશ્ચિત કરવા માટે નિમ્નમાંથી શેનો ઉપયોગ થાય છે ? **Answer - D**

(A) પોટેશિયમ-8 ડેટીંગ (B) કાર્બન-8 ડેટીંગ
(C) પોટેશિયમ-14 ડેટીંગ (D) કાર્બન-14 ડેટીંગ

**49)** એસિડ વર્ષાના મુખ્ય ઘટકો કયા છે ? **Answer - A**

(A) સલ્ફર ઓક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ
(B) કાર્બન ડાઈઓક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ
(C) પોટેશિયમ સલ્ફેટ
(D) કેલ્શિયમ ક્લોરાઈડ અને પોટેશિયમ ક્લોરાઈડ

**50)** અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખની 2012 ની ચૂંટણીમાં બરાક ઓબામાએ કોને હરાવ્યા હતા ? **Answer - C**

(A) જોન મૅકેઈન (B) જ્યોર્જ બુશ
(C) મિટ્ રોમની (D) બિલ ક્લિન્ટન

**51)** તમિલનાડુના વર્તમાન મુખ્યમંત્રી કઈ રાજકીય પક્ષના છે ? **Answer - D**

(A) ભા.જ.પ. (B) કોંગ્રેસ
(C) ડીએમકે (D) એઆઈડીએમકે

52) નિતી આયોગનાં ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO) કોણ છે ? **Answer - B**

(A) નરેન્દ્ર મોદી (B) અમિતાભ કાંત
(C) વાય.વી. રેડ્ડી (D) બિમલ જાલન

53) 15મી ઓગષ્ટ 1947 ના રોજ આરબીઆઈના ગવર્નર કોણ હતા ? **Answer - C**

(A) ઓસ્બોર્ન સ્મિથ (B) જેમ્સ ટેઈલર
(C) સી.ડી. દેશમુખ (D) બેનેગલ રામા રાવ

54) માઈક્રોસોફ્ટનાં ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO) કોણ છે ? **Answer - C**

(A) જેફ બેસોય (B) સુંદર પિચઈ
(C) સત્ય નાદેલા (D) બિન્ની બંસલ

55) બોસ્નીયા-હર્ઝગોવીનાની રાજધાની કઈ છે ? **Answer - C**

(A) ગ્રેડીસ્કા (B) બાન્યા લુકા
(C) સારાજેવો (D) દુબ્રોવેનિક

56) નવેમ્બર 2016 માં કયા કર્ણાટકી સંગીતકાર અવસાન પામ્યા હતા ? **Answer - D**

(A) કદરી ગોપાલનાથ (B) કે.વી. કૃષ્ણા પ્રસાદ
(C) આર. આર. કેશવમૂર્તી (D) એમ. બાલમુરલીકૃષ્ણ

57) લેફ્ટનન્ટ જનરલ એસ.કે. સિન્હા, જે નવેમ્બર 2016 માં અવસાન પામ્યા હતા, તે કયા બે રાજ્યોના રાજ્યપાલ રહી ચૂક્યા હતા ? **Answer - C**

(A) બિહાર અને મેઘાલય
(B) અરૂણાચલ પ્રદેશ અને હિમાચલ
(C) જમ્મુ -કાશ્મિર અને આસામ
(D) હિમાચલ અને પંજાબ

58) Amazon.com નું મુખ્યાલય ક્યાં છે ? **Answer - A**

(A) વૉશિંગ્ટન (B) ન્યૂયોર્ક
(C) લંડન (D) વિએના

Prepp
Your Personal Exams Guide

**59)** નીચેનામાંથી કયા દેશમાં રાષ્ટ્રના વડા તરીકે મહિલા નથી ? **Answer - C**

(A) યુનાઈટેડ કિંગ્ડમ (B) નોર્વે

(C) કોસોવો (D) જર્મની

**60)** ગુજરાત વિધાન સભામાં વિરોધ પક્ષનાં નેતા કોણ છે ? **Answer - C**

(A) શક્તિસિંહ ગોહિલ (B) અર્જુન મોઢવાડીયા

(C) શંકરસિંહ વાઘેલા (D) સિધ્ધાર્થ પટેલ

**61)** નવેમ્બર 2016 માં ગિર જંગલમાં એક જાણીતા સિંહનું મૃત્યુ થયું હતું. તેનું નામ જણાવો.

(A) રામ (B) લક્ષ્મણ

(C) હનુમાન (D) ગોવિંદ

પ્રશ્ન ક્રમાંક-૬૧ ના ૧ (એક) ગુણ તમામને મળવાપાત્ર થશે

**62)** ઑલ-ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ 2016 ના વિજેતા કોણ છે ? **Answer - A**

(A) લિન ડેન (B) ચેન લોંગ

(C) લી ચોંગ વેઈ (D) ચેન હોંગ

**63)** આરબીઆઈ અધિનિયમની કઈ કલમ હેઠળ આરબીઆઈને ભારતમાં ચલણી નોટો બહાર પાડવાની સત્તા છે ? **Answer - C**

(A) કલમ 7 (B) કલમ 16

(C) કલમ 22 (D) કલમ 29

**64)** સ્વતંત્ર ભારતમાં પહેલી વાર રૂ.1000 ની ચલણી નોટો ક્યારે બહાર પાડવામાં આવી હતી ? **Answer - B**

(A) 1950 (B) 1954

(C) 1960 (D) 1966

**65)** સુપ્રસિધ્ધ મનોવિજ્ઞાની સિગમંડ ફ્રૉઈડ કયા રાષ્ટ્રના હતા ? **Answer - A**

(A) ઓસ્ટ્રીયા (B) ઓસ્ટ્રેલિયા

(C) સ્પેઈન (D) ફ્રાન્સ

Prepp
Your Personal Exams Guide

**66)** નીચેનામાંથી કોણ આત્મહત્યાના કારણો પર સંશોધન કરનાર જાણીતા સમાજશાસ્ત્રી છે ?

(A) મેક્સ વેબર
(B) એમ.એન. શ્રીનિવાસ
(C) એમીલ દર્ખીમ
(D) એન્દ્રે બેતેં

Answer - C

**67)** સુપ્રસિધ્ધ મનોવિજ્ઞાની ઈવાન પાવલોવ તેમના સંશોધનમાં કયા પશુના ઉપયોગ માટે જાણીતા છે ?

(A) કૂતરો
(B) ઉંદર
(C) ઘોડો
(D) ઘેટું

Answer - A

**68)** નીચેનામાંથી કયા સમાજશાસ્ત્રીએ અમલદારશાહી ખ્યાલ પર અગ્રણી કાર્ય કર્યું છે ?

(A) કેરોલીન મે
(B) સ્ટીફન જોન્સ
(C) મેક્સ વેબર
(D) મ્યુલર ક્રિશ્ચયન

Answer - C

**69)** નીચેનામાંથી કોણ સુપ્રસિધ્ધ ભારતીય સમાજશાસ્ત્રી નથી ?

(A) એમ. એન. શ્રીનિવાસ
(B) યોગેન્દ્ર સિંહ
(C) ઈરાવતી કર્વે
(D) વિશ્વનાથ મોહન

Answer - D

**70)** નીચેનામાંથી કોણ સુપ્રસિધ્ધ ભારતીય મનોવિજ્ઞાની નથી ?

(A) અમિત અબ્રાહમ
(B) જી. ડી. બોઆઝ
(C) ગોવિંદરાજન પદ્મનાભન
(D) નરેન્દ્રનાથ સેનગુપ્તા

Answer - C

**71)** માનવ ચેતાતંત્રમાં નીચેનામાંથી .......... મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(A) સોડિયમ અને પોટેશિયમ આયન
(B) સોડિયમ અને કેલ્શિયમ આયન
(C) કેલ્શિયમ અને પોટેશિયમ આયન
(D) સોડિયમ, પોટેશિયમ અને કેલ્શિયમ આયન

Answer - A

72) આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ (ISIS) નું પૂરુ નામ શું છે ?
(A) ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાન એન્ડ સિરીયા
(B) ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક એન્ડ સિરીયા
(C) ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ઈસ્લામિક સ્ટેટ
(D) ઈસ્લામ સ્ટેટ ફોર ઈન્ટરનેશનલ સિક્યુરીટી

Answer - B

73) નિયમીત ગોલ્ફ રમતમાં કેટલા હોલ્સ રમવા પડે છે ?
(A) 16 (B) 18
(C) 20 (D) 22

Answer - B

74) બેટરીમાં પ્રાથમિક રૂપે કયું એસિડ હોય છે ?
(A) હાઈડ્રોક્લોરીક એસિડ (B) એસિટીક એસિડ
(C) સલ્ફ્યુરીક એસિડ (D) સાઈટ્રીક એસિડ

Answer - C

75) ક્ષેત્રફળની દષ્ટિએ સૌથી નાનો કયો છે ?
(A) લૉન ટેનિસ કોર્ટ (B) બેડમિંટન કોર્ટ
(C) સ્કેવ્શ કોર્ટ (D) બાસ્કેટ બોલ કોર્ટ

Answer - C

76) ક્યુબા રાષ્ટ્ર બાબતે નીચેનામાંથી કયુ સાચુ નથી ?
(A) તેનો રાષ્ટ્રપતિ ફિડલ કાસ્ટ્રો હતો.
(B) તેનો પ્રધાનમંત્રી ફિડલ કાસ્ટ્રો હતો.
(C) તે એક દ્વીપ છે.
(D) તે દક્ષિણી ગોળામાં છે.

Answer - D

77) ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર કોણ છે ?
(A) એમ. કે. નારાયનન (B) બ્રજેશ મિશ્રા
(C) અજીત દોવલ (D) ન્રિપેન્દ્ર મિશ્રા

Answer - C

78) નીચેનામાંથી ભારતની કઈ નદી પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે ?
(A) મહાનદી (B) ગોદાવરી
(C) કૃષ્ણા (D) નર્મદા

પ્રશ્ન ક્રમાંક-૭૮ના ૧ (એક) ગુણ તમામને મળવાપાત્ર થશે.

Prepp
Your Personal Exams Guide

79) ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ? Answer - C

(A) મધ્ય પ્રદેશ (B) ઉત્તર પ્રદેશ

(C) બિહાર (D) હરિયાણા

80) ચિકનગુનિયા શાનાથી થાય છે ? Answer - A

(A) ચેપી મચ્છર (B) પ્રદૂષિત જળ

(C) પ્રદૂષિત હવા (D) બેક્ટેરિયા

81) નીચેનામાંથી કયુ પુસ્તક એપીજે અબ્દુલ કલામે લખ્યુ નથી ? Answer - B

(A) Inspiring Thoughts

(B) The Indian Space Journey

(C) Wings of Fire

(D) Ignited Minds

82) શ્રૃંખલામાં આ પછીની સંખ્યાને શોધો. Answer - B

2, 5, 11, 23, 47, ........

(A) 79 (B) 95

(C) 83 (D) 101

83) 2013 માં સ્થાપેલી સાતમા પગાર પંચના અધ્યક્ષ કોણ હતા ? Answer - A

(A) અશોક કુમાર માથુર (B) વિવેક રાય

(C) ડૉ. રથીન રાય (D) મીના અગરવાલ

84) હડપ્પા સંસ્કૃતિના જાણીતા સ્થળ 'ધોળાવીરા' કયા જિલ્લામાં આવેલ છે ? Answer - B

(A) સુરેંદ્ર નગર (B) કચ્છ

(C) જુનાગઢ (D) અમદાવાદ

85) મોઢેરાનું સૂર્ય મંદિર (Sun Temple) કયા સોલંકી શાસકના સમયમાં બંધાયું હતું ? Answer - B

(A) સિદ્ધરાજ જયસિંહ (B) ભીમદેવ-I

(C) કુમારપાળ (D) કર્ણદેવ

**86)** પાટણની પ્રસિદ્ધ 'રાણી કી વાવ' કોણે બંધાવી હતી ? **Answer - A**

(A) રાણી ઉદયમતી (B) નાઈકા દેવી

(C) મીનળ દેવી (D) રાણી રૂડાબાઈ

**87)** અમદાવાદનું પ્રસિધ્ધ કાંકરિયા તળાવ કયા સુલતાને બંધાવ્યું હતું ? **Answer - D**

(A) મેહમૂદ બેગડા (B) અહમદ શાહ-1

(C) દાઉદ ખાન (D) કુતબુદ્દીન મોહમદ શાહ

**88)** ગુજરાતમાં સૌ પ્રથમ મફત અને ફરજીયાત શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા ? **Answer - C**

(A) પ્રતાપ સિંહ (B) જામ રણજીત સિંહજી

(C) સયાજીરાવ ગાયકવાડ (D) દિગ્વિજય સિંહજી

**89)** દાંડીકૂચની શરૂઆત ક્યારે થઈ હતી ? **Answer - A**

(A) 12 માર્ચ 1930 (B) 6 એપ્રિલ 1932

(C) 12 માર્ચ 1931 (D) 6 એપ્રિલ 1930

**90)** કયા સત્યાગ્રહને ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ માનવામાં આવે છે ? **Answer - C**

(A) બારડોલી સત્યાગ્રહ (B) ધરાસણા સત્યાગ્રહ

(C) ખેડા સત્યાગ્રહ (D) સાબરમતી સત્યાગ્રહ

**91)** ........ ને સમાજશાસ્ત્રના પિતા માનવામાં આવે છે. **Answer - A**

(A) ઑગસ્ત કૉમ્ત (B) એમ.પી. પોલેટ

(C) એમીલ દર્ખીમ (D) પ્લૂટો

**92)** ભારતનો વસ્તી વૃધ્ધિ દર ન્યૂનતમ અને અધિકતમ કયા દશકમાં હતો ? **Answer - C**

| | ન્યૂનતમ | અધિકતમ |
|---|---|---|
| (A) | 1911-21 | 1951-61 |
| (B) | 1921-31 | 1961-71 |
| (C) | 1911-21 | 1961-71 |
| (D) | 1921-31 | 1971-81 |

**93)** ''પ્રત્યેક વિદ્યમાન સમાજનો ઈતિહાસ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે.'' આ કથન કોનું છે ? **Answer - B**

(A) ઓગષ્ટ કાંત (B) કાર્લ માર્ક્સ

(C) એમ. એન. રાય (D) બી.એફ. સ્કીનર

**94)** ભારતમાં ઉંમર આધારિત સ્ત્રી-પુરુષ ગુણોત્તર (Sex Ratio) ની ગણતરી કરવાનું ક્યારથી શરુ થયું ?

Answer - B

(A) 1951 (B) 1961

(C) 1941 (D) 1971

**95)** 'આર્ય સમાજ' ની શરૂઆત ક્યાં થઈ ?

Answer - D

(A) ગુજરાત (B) પંજાબ

(C) બંગાળ (D) મહારાષ્ટ્ર

**96)** ભારતીય મનોવિજ્ઞાનનો આરંભ આધુનિક કાળમાં :

Answer - A

(A) 1915 માં કલકત્તા યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગમાં થયો હતો.

(B) 1918 માં અલાહાબાદ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં થયો હતો.

(C) 1921માં મદુરાઈ યુનિવર્સિટીના રાજનીતિક વિજ્ઞાનનાં વિભાગમાં થયો હતો.

(D) 1911માં સેઈન્ટ સ્ટીફન કોલેજ, દિલ્હીના સમાજશાસ્ત્ર વિભાગમાં થયો હતો.

**97)** તારંગાનાં જૈન મંદિરો ગુજરાતમાં કયા જીલ્લામાં આવેલ છે ?

Answer - D

(A) બનાસકાંઠા (B) પાટણ

(C) સાબરકાંઠા (D) મહેસાણા

**98)** સાપુતારા કઈ પર્વતમાળામાં આવેલ છે ?

Answer - A

(A) સહ્યાદ્રી (B) વિંધ્ય

(C) અરવલ્લી (D) સાતપુડા

**99)** ઉકાઈ ડેમ કઈ નદી ઉપર છે ?

Answer - B

(A) કરજણ (B) તાપી

(C) નર્મદા (D) મહી

**100)** નીચેનામાંથી કયો એક કોલસાનો પ્રકાર નથી ?

Answer - B

(A) બિટુમિનસ (B) લિમોનાઈટ

(C) લિગ્નાઈટ (D) એન્થ્રાસાઈટ